# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૧ ● અંક : ૪૦ ● તા. ૧૬ માર્ચ થી ૨૨ માર્ચ ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# રાષ્ટ્રીય તરણ સ્પર્ધામાં બે મેડલ જીતી નવો ઈતિહાસ રચનાર

# હીર ગીતેશ શાહ





જિંદગીમાં દરેક વાવાઝોડા

તમારૂ નુકસાન કરવા નથી આવતા,

અમુક વાવાઝાડો તમારો રસ્તો સાફ કરવા

માટે પણ આવતા હોય છે.

-અજ્ઞાત



નીશિથ આનંદ દંડ

Sure Safety®

Complete Safety Solutions

PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building,
Gr.Floor, LBS Marg, Bhandup
(West) Mumbai - 78.
**Tel. 9769991922**
**9833406124**

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
www.kdosamastamahajan.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ ઓગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# આપણા કર્મનો હિસાબ કિતાબ

નાણાંકીય વર્ષ પૂરૂ થવાને આરે છે. દરેકે દરેક વ્યાપારી, વ્યાવસાયિક ઉદ્યોગપતિ કે વ્યક્તિ માત્ર પોતાના હિસાબ ફાઈલને જોઈ ટેક્સ ભરવા માંથી કેમ બચી શકાય અથવા શું કરવાથી ક્યાં રોકાણ કરવાથી ઓછો ટેક્સ ભરવાનો થાય એ ભાંજગડમાં રહે છે. પોતાના ટેક્સ કન્સલન્ટ સી.એ. અથવા ફાઈનાન્સ પ્લાનરની સાથે મુલાકાતો કરી પોતાનું મુડી રોકાણને આખરી ઓપ આપી. ઈન્કમટેક્સ ફાઈલ અપડેટ કરી રીર્ટન ભરવાની તૈયારીમાં રહે છે.

એપ્રિલ માસનો પ્રારંભ એટલે નવા નાણાંકીય વર્ષની શરૂઆત જેમ વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સત્ર જૂન માસથી હોય એવી રીતે આવક રળનારના ટેક્સ સત્રની શરૂઆત એપ્રિલ માસથી આરંભ થાય.

આ વાત થઈ હિસાબ ચોપડા ટેક્સ રીર્ટન ફાઈલની. આવુંજ નિયમ આપણા જીવન વિષે છે. કર્મના સિદ્ધાંતના ચોપડાઓ ચિત્રગુપ્ત નામના પ્રભુ પરમાત્માના હિસાબનીશ અધિકારી પાસે લખાતા રહે છે. કહેવાય છે. કે મૃત્યુબાદ આપણા સમગ્રજીવન દરમ્યાનના સારા નરસા કર્મોનો હિસાબ કરવામાં આવે છે. કરેલા કર્મ, સારા નરસા કાર્યોથી આપણા ખાતામાં જમા ઉધાર બાજુ નોંધ કરાય છે.

આપણા સારા કાર્યો, જીવદયા, પરોપકાર કાર્યો, પરમાર્થના કામોની નોંધ જમા ખાતે રહે છે. નરસા, નઠારા, કોઈ જીવને પીડા કરાયલા કર્મો, નિંદા, ચાડી-ચુગલી, ઈર્ષા, અવહેલના, અપમાન કરી પામરજીવને પીડા આપેલ કામ ઉધાર બાજુ મંડાય છે. જીવના અંતિમ દિવસ સુધી પળે પળ દરમ્યાન કરેલ સારાનરસા કર્મોની નોંધ બાદ ચોપડો બંધ થાય, હિસાબનો સરવૈયો મંડાય ત્યારે જ આત્મા સ્વર્ગમાં જશે કે નર્કમાં એનો નિર્ણય કરાય છે. આ આપણી સમજ છે. આપણા ધર્મ શાસ્ત્રોમાંથી આપણે જાણ્યું છે. દરેક કર્મ સમજી વિચારી જાણી નાણીને કરવાનું છે. માટે કર્મ કરતાં પહેલાં અચૂક વિચારીએ જે કાર્ય કરીએ છીએ તેની નોંધ આપણા કર્મ ચોપડામાં કઈ બાજુ થશે?

તમે કોઈને પાણીનું દાન કરશો તો તેના શરીરમાં ૫ થી ૬ કલાક રહેશે અન્નનું દાન કરશો તો ૧૨ થી ૧૫ કલાક રહેશે. વસ્ત્રનું દાન ૧, ૨ વર્ષ જ્યારે સારા વિચારોનું દાન સામેવાળી વ્યક્તિમાં વર્ષો સુધી સંગ્રહાયેલું રહેશે. આ વિચારમાંથી તેનું જીવન પણ બદલાશે. આ જ કર્મનો સિદ્ધાંત છે.

– જય જ્ઞાતિમૈયા

# રાષ્ટ્રીય તરણ સ્પર્ધામાં બે મેડલ જીતી નવો ઈતિહાસ રચનાર હીર ગીતેશ શાહ






મૂળ કચ્છ કોઠારાના હાલે મુલુંડ રહેતા હીર ગીતેશ શાહ ઉ.વ.૧૭ દિલ્હી ખાતે ૧૪ થી ૧૯ ડિસેમ્બર દરમ્યાન સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા યોજાયેલ ૬૪મી નેશનલ સ્કૂલ ગેમ્સ સ્વિમીંગ ચેમ્પિયનશીપ ૨૦૧૮ ઈવેન્ટમાં બે ચંદ્રક મેળવ્યા છે. જેમાં રીલે સ્વિમિંગ ૪×૧૦૦માં ચંદ્રક અને ૫૦ મીટર ફ્રી સ્ટાઈલમાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે.

એસ.આઈ.ઈ.એસ.કોલેજમાં એચ.એસ.સી.ધોરણ ૧૨મા અભ્યાસ કરતા હીર નાગડાએ આ અગાઉ ડિસ્ટ્રીક ઝોન લેવલમાં ૨ ગોલ્ડ અને ૧ સિલ્વર મેડલ, રાજ્ય સ્તરની સ્પર્ધામાં ૧ ગોલ્ડ અને ૩ સિલ્વર અને ઈન્ડવિઝ્યુઅલ ચેમ્પિયનશીપ વય ગ્રુપ કેટેગરીમાં માટુંગા જીમખાના અને ક્રિકેટ ક્લબ ઈન્ડિયામાં વિજેતા થયેલ છે. મમ્મી પ્રીતિબેન અને પપ્પા ગીતેશભાઈના પીઠબળ અને પ્રોત્સાહનથી અભ્યાસ ઉપરાંત તેના શોખ સ્વિમિંગ, ડ્રોઈંગ અને વક્તૃત્વ કળામાં સ્કૂલમાં આગળ રહી ઓલ રાઉન્ડ સ્ટુન્ડટનો એવોર્ડ મેળવ્યો છે.








# બડગરા નગરે જિનાલયનો ૨૧મો ધ્વજા મહોત્સવ ઉજવાયો




તા. ૧૦ માર્ચ ૨૦૧૯ રવિવાર રોજે દક્ષિણ ભારતના દેવભૂમિની ઓળખ ધરાવતા કેરાલા રાજ્યના બડગરા નગરમાં જિનાલયનો ૨૧ મો ધ્વજામહોત્સવ કાર્યક્રમ ઉત્સાહ પૂર્વક યોજાયો. આ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમો આનંદ સભરતાથી સંપન્ન થયા. કાર્યક્રમના વિધિકાર ભરત બોરીયા વાંઢના સથવારાથી થયા.

અત્રે નગરમાં માત્ર ૧૦ કચ્છી જૈન પરિવારોના ઘર છે. નાનકડી વસ્તી હોવા છતાં દરેક ધાર્મિક પ્રસંગ ધામધૂમથી સૌના ઉત્સાહ ભર્યા સાથ સંગાથ અને ઉષ્મા ભરી હાજરીથી ઉજવાય છે. સંઘમાં સારો સંપ સદભાવ અને સાથ છે. એ અત્રેની વિશેષતા છે.







# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમસ્ત મહાજન દ્વારા

# ચતુર્થ સંમેલનની વચનપૂર્તિ માટેની તડામાર તૈયારી



નલિયા મધ્યે ડિસેમ્બરમાં યોજાયેલ ભવ્ય ચતુર્થ જ્ઞાતિ સંમેલનમાં સર્વાનુમતે વિવિધ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટો શરૂ કરવાનો સંકલ્પ કરાયા જેના અનુસંધાન આ વચનપૂર્તિ માટે શું શું પગલાં લેવાયા છે. કેટલું આગળ વધાયું છે તેનું રીવ્યુ લેવા મીટિંગ તા.૧૬ અને ૧૭ માર્ચના રોજ સમસ્ત મહાજનના નેજા હેઠળ મળી હતી. જેમાં વિવિધ કમિટી પોતપોતાના પ્રોજેક્ટના રીવ્યુ આપી પ્રગતિનો અહેવાલ આપ્યો હતો.



**ગ્લોબલ કાર્ડ :** આયોજનમાં વિવિધ પ્રકારના કાર્ડ હશે. જેના દ્વારા સૌ જ્ઞાતિજનોને આવરી લેવાશે. પરિવાર દીઠ રૂા.૨૦ હજાર સુધીની માસિક આવક ધરાવતા જ્ઞાતિજનોને હોસ્પિટલાઈઝન, મેડિકલ જેવી સહાયતા મળી રહેશે. જે માટે કોલ સેન્ટર પણ શરૂ કરાશે.

**સંજીવની પ્રોજેક્ટ :** આ પ્રોજેક્ટમાં તત્કાળ મેડિકલ હેલ્પ મળે એ માટે સાર્વજનિક રીતે અપીલ કરાશે અને મદદરૂપ થઈ શકાશે. આ પ્રોજેક્ટમાં બે જ્ઞાતિજનો તાત્કાલિક સહાય આપી મદદરૂપ થઈ શકાયું છે જે આ પ્રોજેક્ટની સાર્થકતા દર્શાવે છે.

દરેક મોટા ગામમાં બે 'સ્વાસ્થ મિત્ર' નીમવામાં આવેલ છે. જે મેડીકલ ટીમ માટે સપોર્ટીંગ ગ્રુપ હશે અને તે ગામ માટે મેડીકલ માટે ઈમરજન્સી ગ્રુપ હશે. મુંબઈ તથા બીજા મોટા ગામના 'સ્વાસ્થ મિત્ર'ની તા.૧૩ એપ્રિલ ૨૦૧૯ના VLVG ખાતે પ્રથમ કોન્ફરન્સ યોજાયેલ છે. જેમાં તેમને તેમના કાર્યક્ષેત્ર બાબત સમજ અને શિક્ષણ આપવામાં આવશે.

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમસ્ત મહાજન દ્વારા ચતુર્થ સંમેલનની વચનપૂર્તિ માટેની તૈયારી





**દિવ્યાંગ :** જ્ઞાતિના દિવ્યાંગજનોને દવા-સારવાર માટે મદદરૂપ થઈ શકાય એ માટે રૂપરેખા ઘડી રહાઈ છે અને આ માટે વધુને વધુ સહાયરૂપ બની શકાય એ માટેના પ્રયત્નો કરાશે. સમયાંતરે સેમિનાર યોજી પરિવારના સ્વજનો અને તેમના કેરટેકરનું માર્ગદર્શન કરી મનોબળ વધે. એ માટેના પ્રયત્નો કરાશે. શિક્ષણ મેળવી તેઓને વોકેશનલ ટ્રેનિંગ આપી. સ્વયં રોજગાર માટે પ્રવૃત્ત કરાશે. રેગ્યુલર મેડિકલ ચેકઅપ અને તેમને ઉપયોગી મેડિકલ સાધનોની પૂર્તતા કરી અપાશે. તેમના કેડીઓ સોશ્યલ સિક્યુરીટી સ્કીમ અંતર્ગત નોંધણી રજીસ્ટર શરૂ કરાશે. પોતાના ઓરડામાં દિવસો પસાર કરતાં આવી વ્યક્તિઓ પાસે રોડ અમુકલાક તેમને સાથ-સંગાથ માટે મદદરૂપ થઈ શકે એ માટે સ્વયંસેવકોની નોંધણી કરાશે. જાહેર તહેવારો ધાર્મિક ઉત્સવોમાં તેઓ પણ ભાગ લઈ સૌ સાથે મળી આનંદમય રહે એવું સૌ સાથે મળી કરી શકીશું.

**સિનિયર સિટીઝન :** ડેટા કલેક્શન માટેની પ્રવૃત્તિ શરૂ છે. વડીલજનોને તેમના યોગ્ય વાતાવરણ ઉચિત આવાસ સગવડ સાથે જીવન વિતાવી શકે એ માટે યોજના કાર્ય થઈ રહ્યું છે.

**યુવા કમિટી :** જ્ઞાતિની તરવરીયા, ઉત્સાહિત અને આભમાં ઉડવા થનગનતી આ કમિટી જોબ ફેર, યુથ ફેસ્ટ માટેની યોજના લઈ આગામી સમય દરમ્યાન આગળ આવશે.

**આવાસ કમિટી :** ટુંક સમયમાં સાધારણ પરિવારોને પોતાના સગવડ ભર્યા આવાસ મળે એ માટે યોજના બહાર લાવવા પ્રયત્નશીલ છે.

**માઈનોરેટી કમિટી :** રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા માઈનોરિટી કાસ્ટ માટે આવતી વિવિધ યોજનાઓની દ્વારા વધુ પ્રમાણ કેવી રીતે લાભ લઈ શકાય. આ યોજનાથી જ્ઞાતિજનોને બેનિફીટ મળી રહે એ માટે ટુંક સમયમાં અવેરનેસ પ્રોગ્રામ લઈ આવશે.

**બી ૨ બી :** આ પોર્ટબલમાં ૧૩૦૦ થી વધુ વ્યક્તિઓ, વ્યવસાયિકો અને વેપારીઓ નોંધણી કરાવી છે. હજુ પણ રજીસ્ટ્રેશન કરવાનું શરૂ છે. જેનો લાભ સૌને મળી રહ્યો છે. આ યોજના ટુંક સમયમાં સારી સફળતાને વરી છે.

**માઈક્રો ફાઈનાન્સ :** નવા વેપાર માટે શરૂ થયેલ ધંધાના વિકાસાર્થે વિવિધ યોજના દ્વારા લોન મેળવવાનું સુલભ થાય એ માટે જાગૃતિ લાવવા સેમિનાર અને માર્ગદર્શન શિબિર યોજાશે.

**એજ્યુકેશન સમિતિ :** વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં તેજસ્વી વિદ્યાર્થીઓ માટે ડાયરેક્ટર એડમિશન માટે વિવિધ કોન્ટેક દ્વારા સહાયથી થવાનો તખતો ગોઠવાય છે. આ માટેના વધુ આયોજન ઘડવા માટે તા.૧૪ એપ્રિલ રવિવારના રામબાગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (ઈસ્ટ), સે.રે.માં સૌ સંગાથે મળશે.

## સમસ્ત મહાજનના ઓફિસર ઓન સ્પેશ્યલ ડ્યૂટી તરીકે શ્રી રમેશભાઈ મોતાની નિમણૂંક



શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાળ જૈન મહાજનના ઓફિસર ઓન સ્પેશ્યલ ડ્યૂટી તરીકે શ્રી રમેશભાઈ મોતાની નિમણૂંક કરાઈ છે. જે માટે તેમને ભાવપૂર્વક અભિનંદન.

## ભારત સરકારની પ્રધાનમંત્રી આયુષ્માન ભારત યોજના

ભારત સરકાર દ્વારા ઉંમર વર્ષ ૧૩ થી ૭૦ સુધીનાઓ માટે ૧૦ કરોડ લોકો માટે રૂા.૫ લાખનો નિઃશુલ્ક વીમા યોજના લોંચ કરી છે. આવેદન કરવાની અંતિમ તા.૨૧ માર્ચ ૨૦૧૯ ગુરૂવાર છે. આ યોજનાનો લાભ સૌ કોઈને મળી શકે છે. આવેદન પત્ર ઓનલાઈન ભરવા http://aayushman.sarkari.yojanagovt.in પર લોગઈન કરવું.

## શ્રી ક.દ.ઓ.જૈન કચ્છ એકમ દ્વારા કચ્છમાં એપ્ટીટ્યૂટ ટેસ્ટ અને કેરીયર કાઉન્સલીંગ સેમિનાર

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાળ જૈન મહાજનની શિક્ષણ સમિતિની પ્રેરણા અને માગદર્શનથી શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન કચ્છ એકમ દ્વારા ધોરણ ૯,૧૦,૧૧ અને ૧૨ના કચ્છમાં વસતા તમામ વિદ્યાર્થીઓ માટે શનિવાર, તા.૨૦ એપ્રિલ અને રવિવાર તા.૨૧ એપ્રિલ ૨૦૧૯ના સવાર ૯ કલાકથી એપ્ટીટ્યૂટ ટેસ્ટ અને કેરીયર કાઉન્સલીંગ શિબિરનું આયોજન કરાયેલ છે. જે વિદ્યાર્થીઓને યોગ્ય કારકિર્દી પસંદ કરવામાં મદદરૂપ થશે.

આ પ્રોગ્રામમાં સહભાગ લેવા માટે કોઈ ચાર્જ વિદ્યાર્થીઓ પાસેથી લેવામાં નહિં આવે. માત્ર રજીસ્ટ્રેશન માટે રૂા.૧૦૦/- ભરવાના રહેશે. જે પ્રોગ્રામમાં ભાગ લીધા બાદ રીફંડ આપવામાં આવશે. નામ નોંધવાની છેલ્લી તા.૨૨ માર્ચ ૨૦૧૯ છે. રજીસ્ટ્રેશન માટે અને વધુ વિગત માટે નિરંજન લોડાયા-૯૪૨૭૨૪૯૭૨૦, જેસલ દંડ-૯૯૨૪૭૪૧૩૯૯નો સંપર્ક કરવો.

વિશેષ નોંધ : તા.૨૦ એપ્રિલ શનિવારના ૯.૩૦ થી ૧૨ સમય દરમ્યાન વિદ્યાર્થીઓની ટેસ્ટ લેવામાં આવશે. તા.૨૧ એપ્રિલ રવિવારના સવારના ૯ કલાકે વિદ્યાર્થીઓ સાથે તેમના વાલીઓનું કાઉન્સલીંગ કરવામાં આવશે. એપ્ટીટ્યૂટ ટેસ્ટ અને કેરીયર કાઉન્સલીંગ વિદ્યાર્થીઓની સંખ્યા અનુસાર ભુજ અથવા ગાંધીધામમાં રાખવામાં આવશે. પ્રત્યેક વિદ્યાર્થી સાથે તેમના એક વાલીને અચૂક હાજર રહેવું પડશે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# ગિરનાર મહાતીર્થમાં ૯૯ યાત્રા મહોત્સવ સંપન્ન





ગિરનાર મહાતીર્થમાં તા. ૧૩ માર્ચ ૨૦૧૯ બુધવારના રોજ ૯૯ મહોત્સવના ભવ્ય ઉત્સવ નિમિત્તે દીક્ષા કલ્યાણકનો વરઘોડો તથા વિવિધ ધાર્મિક પ્રસંગો આચાર્ય ગુરૂ ભગવંતો અને સાધવી મ.સા.ની નિશ્રામાં યોજાયા સકળસંઘની બહુળી ઉપસ્થિતિથી આ સર્વે કાર્યક્રમો શ્રાવક શ્રાવિકાઓના સહભાગથી ધન્ય થઈ ગયા હતા.









# શ્રી સુથરી જૈન સંઘના ભાઈઓ નિયાંણી બહેનોનું સ્નેહમિલન

શ્રી સુથરીમાં શ્રી ધૃત કલોલ પાર્શ્વનાથ દાદાના પવિત્ર દ્વારેથી હેતભર્યા હૈયૈ અને સંઘના સ્નેહ ભર્યા ભાવથી શ્રી સુથરી જૈન સંઘના સર્વે ભાઈઓ તથા સૌ નિયાંણી બહેનોના પરિવારનો સ્નેહ મિલન સમારોહ તા. ૨૧ એપ્રિલ ૨૦૧૯ રવિવાર રોજે સાંજે ૪.૩૦ કલાકે એશિયન બેન્કવેટ હોલ, ફીલીક્ષ ટાવર, એશિયન પેઈન્ટ સામે, એલ.બી.એસ. માર્ગ, સોનાપુર, ભાંડુપ (વેસ્ટ) મધે આયોજાયો છે. શ્રી સુથરી સંઘના સર્વે ભાઈઓ તથા નિયાંણી બહેનોને સમયસર પધારી હેતપ્રિતનો મેડાવો જમાવવાનું ઉષ્મા ભર્યુ નેહનું નિમંત્રણ શ્રી સુથરી જૈન સંઘ દ્વારા અપાયું છે. ચૌવિહારની વ્યવસ્થા છે.

# કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ દ્વારા વિદ્યાર્થીઓ માટે સાઈકો મેટ્રિક ટેસ્ટ અને કન્સલ્ટીંગ સેમિનારનું આયોજન

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન મુંબઈ અને શ્રી અનંતનાથજી મહારાજ જૈન ટેમ્પલ અને તેના સાધારણ ફંડ દ્વારા ધો. ૯,૧૦,૧૧ અને ૧૨ માં અભ્યાસ કરતા જ્ઞાનિના વિદ્યાર્થીઓ માટે તા. ૧૪ એપ્રિલ ૨૦૧૯ રવિવારના રોજ શ્રી વીરજી લઘાભાઈ કે.ડી.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ, શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ, કામાલેન, ઘાટકોપર(પશ્ચિમ) સ્થળે સાઈકો મેટ્રીક ટેસ્ટ અને કન્સલ્ટીંગ સેમિનારનું આયોજન સવારના ૯ થી બપોરના ૧ સુધી કરાયું છે. આ સેમિનારમાં વિદ્યાર્થીઓ પોતાની શૈક્ષણીક કૌશલતા, રસનો અભ્યાસક્રમ, પ્રતિભા ખિલવણી, વ્યક્તિત્વ યોગ્ય સાચાં કોર્સની પસંદગી, જિંદગીમાં સફળ થવાની ગુરૂચાવી વિગેરેનું માર્ગદર્શન મેળવી શકશે. સેમિનાર અંતે લંચ વ્યવસ્થા છે. બહારગામથી સેમિનાર માટે આવતા વિદ્યાર્થીઓએ પોતાની રીર્ટન ટિકીટ તા. ૧૬ એપ્રિલ રાત પછીની બુક કરાવવી. કન્સલ્ટીંગ અને ટેસ્ટ રીપોર્ટ તા. ૧૬ એપ્રિલ સુધી પૂણ થશે. રજીસ્ટ્રેશન ફી રૂા. ૧૦૦ રાખવામાં આવી છે. રજીસ્ટ્રેશનની અંતિમ તારીખ ૧૦ એપ્રિલ ૨૦૧૯ છે. વધુ વિગત માટે એજ્યુકેશન કમિટી કન્વીનર જતિન ઘરમશી-જલ્પા લોડાયા મો.નં. ૯૮૬૭૬૧૫૯૧૩-૮૧૬૯૦૭૬૮૮૧ અથવા ૦૨૨-૨૩૪૪૮૨૭૪ સંપર્ક સાધવો.


જ્ઞાતિમૈયા માં
આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો
Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org
અથવા વૉટસએપ પર મોકલો
9769991922
9820302853
9322257731

Since 1989
Mr. Chetankumar Momaya
Proprietor
Jakhau - Ghatkopar
OLYMPIA
TRAVELS 'N' TOURS
" The One Stop Travel Shop, Right Where You Need It "
Air Tickets
Destination Wedding
Spiritual & Wellness Tourism
Adventure & Sports Tourism
Bollywood & Cinema Tourism
M.I.C.E. Operator
Inbound & Outbound Tours
Worldwide Cruise & Hotel Booking
Visa / Passport Assistance
Travel Insurance
Weekend Destination
+91-22-2501 3810/11/12
+91-93240 58413
IATA Accredited Agent

# ફાગણ સુદ તેરસના શાહપુર માનસમંદિરની ભાવયાત્રા જવા માટે ટોલ વસુલાત નહી



જૈન ધર્મમાં ફાગણ સુદ તેરસ ઢેબરા તેરસનો અધિકાધિક મહત્વ છે. આ દિવસે પાલીતાણા તીર્થમાં શત્રુંજય ભાવયાત્રા થાય છે. આ યાત્રામાં ભારત ભરના જૈન ધર્મી ધાર્મિકો ભાવથી સહભાગી થાય છે.

અહીં ન પહોંચી શકતા પોતાના વિસ્તારમાં શત્રુંજય ડુંગર રૂપે ઊંચા ભાવથી ઊંચા ડુંગરની યાત્રા ભાવથી કરે છે. આવું મુલુંડમાં યોગી હિલ્સની ટેકરી પર અસંખ્ય ભાવિકો ઊમટી શ્રધ્ધાપૂર્વક જાત્રા કરે છે.



થાણા જિલ્લાના આસનગાવ તાલુકાના શહાપુરના ઉત્તમોતમ તીર્થ માનસમંદિરની ટેકરીએ શત્રુંજય ભાવયાત્રા આ દિવસે થાય છે. જેમાં થાણા, ૬૮ ડોંબિવલી, કલ્યાણ, ભીવંડી, અંબરનાથ, બદલાપુર, કર્જત, કસારા વિગેરે ગામે ગામથી જૈન ભાવિકો ભાવથી યાત્રા કરે છે. આ યાત્રામાં લોકલ ટ્રેનથી આવતાં તો એસ.ટી., બસ, પ્રાઈવેટ, બસ, કાર, જીપ દ્વારા પણ સૌ પોતાની સગવડતાથી પહોંચે છે. માનસમંદિર તીર્થ છ ગાઉની યાત્રાએ આવતા ભાવિકો પાસેથી ટોલ શુલ્ક ન વસુલવાની વિનંતી મુંબઈ નાસિક એક્સપ્રેસ હાઈવે લિમિટેડ પડઘા ટોલનાકા તાલુકા ભિવંડીને પત્ર દ્વારા ભિવંડીના સંસદ સભ્ય કપિલ મોરેશ્વર પાટિલ એ કરી છે. આનો લાભ ભુવન ભાનુ માનસમંદિર તીર્થ શહાપુરમાં છ ગાઉ ભાવયાત્રામાં આવનાર જૈન ધર્મી ભાવિકોને થશે અને આને લીધે સમય અને સંશાધનની બચત થશે. સાંસદ દ્વારા તા. ૬ માર્ચના લખાયેલ પત્રની કોપી અંજુલી ટોલનાકા પર અપાઈ છે.

# કોચીનનગરે શ્રી શત્રુંજયની છ ગાઉ ની ભાવ યાત્રા

શ્રી કોચીન શ્વે મૂ પૂ જૈન સંઘના નેજા હેઠળ પ્રેરણા ગ્રુપ દ્વારા આયોજિત છ ગાઉની ભાવ યાત્રા નું આયોજન મુખ્યદાતા શ્રી હરીશભાઈ પાનાચંદ શાહના સહયોગથી તા. ૧૯-૦૩-૨૦૧૯ને મંગળવાર રોજે સવારના ૯ કલાકે કુરુવા હોલમાં કરવામાં આવેલ છે. ભાવ યાત્રા બાદ યાત્રિકો માટે પાલ નુ આયોજન અતિથિ ગૃહમાં બન્ને સંઘના ભાઈ બ્હેનો માટે કરેલ છે તો તેનો પણ લાભ લેવા નમ્ર વિનંતી.

પાલના દાતાઓ

૧) શ્રી પ્રેમલતાબેન નવીનચંદ્ર ઝવેરી-કટ ફ્રુટ, ૨) શ્રી જૈન સોશ્યલ ગ્રુપ-સેવ-બુંદી, ૩) શ્રી કોચ્ચીન સ્નાત્ર મંડળ-રસમ વડા, ૪) શ્રી શં પાર્શ્વનાથ સામાયિક મંડળ-છોલે પૂરી, ૫) શ્રી સ્થાનક ના ભાઈઓ - કચોરી ૬) શ્રી કચ્છી જૈન ગુર્જર સમાજ-પુલાવ કઢી ૭) શ્રી આદર્શ ગ્રુપ - ગુલાબ જાંબુ ૮) શ્રી કાન્તાબેન ધીરજલાલ વડાલીયા પરિવાર -ખાખરા ૯) શ્રી ક.દ.ઓ. મહિલા મંચ-વરીયાળી પાણી ૧૦) શ્રી શુલષા ગ્રુપ-લીંબુ પાણી ૧૧) શ્રી દેરાસરજી સ્ટાફ-છાશ. ઉપરોક્ત બન્ને કાર્યક્રમમાં બન્ને સંઘના ભાઈ બ્હેનોને પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

---

# શિવમસ્તુ તીર્થધામના પ્રણેતા પ.પૂ.ગુરૂદેવ શ્રી મુનિશ્રી પૂર્ણભદ્ર સાગરજી મ.સા.નો પુનઃ શિવમસ્તુ વિહાર

ભુજના વર્ધમાન નગર સ્થિત વિમલનાથ, જીનાલયની નવમો ધ્વજારોહણ મહોત્સવ પ.પૂ.મુનિરાજ પૂર્ણ ભદ્દસાગરજી મ.સા.ની પુનિત નિશ્રામાં રંગેચંગે સંપન્ન થયો.

આ પ્રસંગે મંદિર ખનનવિધિ આદિ ભવ્ય પ્રસંગોમાં ગુરૂવર્યશ્રી ૨૫ દિવસ જેટલી સ્થિરતા કરી સકલ સંઘની ભાવનાને બિરદાવી. આધ્યાત્મિક તાત્વિક અને જિંદાદિલભર્યો પ્રભાવક પ્રેરણાત્મક પ્રવચનો તથા યુવા નાઈટ સત્સંગ દ્વારા આબાલ ગોપાલ સર્વ ગચ્છોના મન જીતી એક અનેરી ધર્મ જાગૃતિ સાથે સાશન પ્રભાવના કરી પુનઃ શિવમસ્તુ વિહાર કરી રહ્યાં છે. ત્યારે શિવમસ્તુ ટ્રસ્ટ મંડળ પૂજ્યશ્રીના ચરણોમાં નતમસ્તકે વંદના કરી પુનઃ સ્વાગતમ્ અભિવાદન માટે તત્પર છે.

---

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી સિધ્ધાચલ ગિરિરાજની ફાગણસુદ તેરસની છગાઉ યાત્રા અંગે શેઠ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા સકલ શ્રી સંઘને જાહેર વિનંતી

પરમ પાવન શાશ્વત ગિરિરાજની ફાગણસુદ ૧૩ના યાત્રા કરવા પધારતા ભાવિકોને શેઠ આણંદજી કલ્યાણજી પેઢી અખિલ ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક શ્રી સંઘના પ્રતિનિધિ તરીકે આવકારતા પરમ હર્ષ અનુભવે છે અને આવકાર આપે છે. સકલ શ્રી સંઘ જોગ વિનંતી કરતા પત્રમાં જણાવે છે કે.

આપની ભક્તિ અને ગિરિરાજ પ્રત્યેની શ્રદ્ધાની ખૂબ ખૂબ અનુમોદના. આપની યાત્રા ખૂબ જ સુખ શાતા પૂર્વક થાય એવી પેઢીની શુભેચ્છાઓ. રામપોળનો દરવાજો સવારે ૫.૩૦ કલાક પછી જ ખોલવામાં આવશે અને ત્યારબાદ યાત્રાળુઓને પ્રવેશ આપવામાં આવશે. માટે કોઈએ મધરાત પછી યાત્રા શરૂ કરવી નહીં. રાત્રિના અંધકારમાં યાત્રા કરવાથી કીડી, મંકોડા વિગેરે નિર્દોષ જીવોની વિરોધના થાય છે અને યાત્રા ફાગણસુદ ૧૨ની ગણાય છે. શ્રી ગિરિરાજની યાત્રા જયણા પૂર્વક કરવાથી જ યાત્રાનું સંપૂર્ણ ફળ પ્રાપ્ત થાય છે. જયણા મર્યાદા સુરક્ષા. આદિને ધ્યાનમાં લઈને પેઢીની વ્યવસ્થામાં સહકાર આપવા સહુને નમ્ર વિનંતી છે.

દર વર્ષે થતી પાલ વ્યવસ્થા, સાધર્મિક ભક્તિ, સુરક્ષા અને અન્ય સગવડ વિગેરે તમામ વ્યવસ્થાઓ આ વખતની યાત્રામાં રાબેતા મુજબ ઉપલબ્ધ રહેશે. યાત્રા ભવ્ય રીતે ઉજવાશે.

બહાર સોશ્યલ મિડીયામાં ફરતા અનધિકૃત સંદેશાઓ, વૉટ્સઅપ કે ભ્રમિત કરનારા દુષ્પ્રચારથી કોઈએ દોરવાવું નહીં. આવો વિનંતી પત્ર વહીવટ દાર ટ્રસ્ટીઓ સચીન અશોકભાઈ અને સુદીપ સનતભાઈ દ્વારા લખાયો છે.




# અધ્યાત્મ પરિવારના નેજા હેઠળ
# ૪૪ મુમુક્ષોએ દીક્ષા ગ્રહણ કરી







અધ્યાત્મ પરિવાર દ્વારા ૪૪ મુમુક્ષુઓનો દીક્ષા મહોત્સવ તા.૯ માર્ચ શનિવાર થી તા.૧૩ માર્ચ ૨૦૧૯ બુધવાર સુધી ભવ્યતાથી સંપન્ન થયો. બોરીવલીના ચીકુવાડીમાં ૩.૫ લાખ ચોરસ ફુટ વિસ્તારમાં રચાયેલી મંડપ નગરીમાં ૬૫૦થી વધુ સાધુ સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં અને અસંખ્ય ધર્મપ્રેમીઓની હાજરી હતી. ૧૨ વર્ષથી ૬૬ વર્ષના દીક્ષાર્થીઓમાં ૧૨ ભાઈઓ ૩૨ બહેનો હતી. બહુધા દીક્ષાર્થી ઓ ઉચ્ચશિક્ષિત તથા ૨૫ વર્ષની નીચેના હતા. બે આખા પરિવાર તો ચાર સગી બહેનોની જોડીએ પણ દીક્ષા પથ સ્વીકાર્યો. આ દીક્ષા મહોત્સવ અધ્યાત્મ લગ્નોત્સવનું નામકરણ કરાયું હતું.

તા.૧૦ માર્ચ રવિવારના સૂરિશાંતિના ચરમ પટ્ટધર જૈનાચાર્ય પૂ.જિનચંદ્રસૂરિશ્વરજી મહરાજાની ૫૩મા દીક્ષા સ્વીકાર દિવસે અને દીક્ષા મહોત્સવના દ્વિતીય દિવસે સુરિરામ સમુદાયના જૈનાચાર્ય કીર્તિયશસૂરિશ્વરજી મહારાજે ગુરૂગુણ ગાથામાં ક્ષણિક જીવન, દુ:ખમય સંસારમાં અનંતમય સુખમયનો મોક્ષ માર્ગ શ્રેષ્ઠ છે એવું કહ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ રવિન્દ્ર શાહે કર્યું હતું. બાલમવીર જૈનમ નામની જીવંત દશ્યાવલી ભજવાઈ હતી. જૈનાચાર્ય યોગતિલક સૂરિશ્વરજી મહારાજાએ લખેલ ચાર લાખ વાર્તા પુસ્તકોનું લોકાર્પણ મહારાષ્ટ્ર રાજ્યના શિક્ષણપ્રધાન વિનોદ તાવડે, સાંસદ ગોપાલ શેટ્ટી, નગરસેવક પ્રવિણ શાહ અને કવિ સાહિત્યકાર હિતેન આનંદ પરાના હસ્તે થયું. સાંજે અદ્દભુત આરતી થઈ.

# અધ્યાત્મ પરિવારના નેજા હેઠળ ૪૪ મુમુક્ષોએ દીક્ષા ગ્રહણ કરી




મહોત્સવનો ૩જો દિવસ ૪૪ દીક્ષાર્થીઓનાં ઉપકરણની ઉછામણીનો અવસર હતો. તમામ ૪૪ દીક્ષાર્થીઓના ઉપકરણોની હૃદયના ઉછળતા ભાવો સાથે ઉછામણી બોલાઈ હતી. છાબ ભરવાનો કાર્યક્રમમાં કૌશિક બારોટના સંગીતના સૂરો સાથે સમગ્ર કાર્યક્રમ દીપી ઉઠયો હતો. પ્રવજ્ય પાણી ગ્રહણ વાટિકામાં દીક્ષાર્થીઓના ઉપકરણની ઉછામણી માટે રીતસરની પડાપડી જોવા મળી હતી. કામળી, કપડો, ચોલપટ્ટો(સાડો) પાતરા, તરપણી, ચેતનો, પૂંજણ, પુસ્તકપોથી, નવકારવાળી દાંડો, દંડાસન, ચરવલી, સૂપડી આસન, સંથારો અને ઉતરપટ્ટો મળી કુલ ૧૭ ઉપકરણો માટે ઉછામણી થઈ હતી. અષ્ટપ્રકારી પૂજા થઈ હતી. ભારતભરના વિવિધ પ્રદેશોના નૃત્યકારો નૃત્યપૂજા રજૂ કરી હતી. દીક્ષાર્થીઓનો તેમના સંસારી જીવનની છેલ્લી સૌથી મોટી દ્રવ્ય પૂજા કરી હતી. સાંજે સોનિક સુથારના સંગીત નિર્દેશનમાં સૂફી સંગીત સહ સંધ્યા ભક્તિ યોજાઈ. દીક્ષાર્થીઓએ પોતે દીક્ષા શા માટે લઈ રહ્યા છે એની હૃદયસ્પર્શી દાસ્તાન રજૂ કરી હતી.

૪૪ દીક્ષાર્થીઓમાંથી ૨૧ મુંબઈના, ૧૭ ગુજરાતના, ૫ રાજસ્થાનના અને ૧ કલકત્તાના હતા. મહોત્સવ નગરીમાં ૩ બાલવાટિકા, નરકમોઝાર અને અજાયબી ગુફા જોવા ચાર દિવસમાં બે લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી હતી. મંગળવાર તા.૧૨ માર્ચના દીક્ષાર્થીઓનો વર્ષીદાનનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. બોરીવલીના ચંદાવરકટ રોડ પર ગાર્ડન પાસેથી શરૂ થયેલ. દોઢ કિલોમીટરથી વધુ લાંબો વરઘોડો દોઢ લાખથી વધુ લોકોએ નીહાળ્યો હતો. દીક્ષાર્થીઓની દરેક બગી વિવિધ થીમ સાથે શણગારવામાં આવી હતી. ટ્રેઈન દ્વારા દીક્ષાર્થીઓ પર પુષ્પવર્ષા કરાઈ હતી. વરઘોડામાં બે ચાંદીના રથ, ૧૦ બેન્ડ, ૨૦ અશ્વ બળદગાડા ઉપરાંત યુવાનો દ્વારા વિવિધ કરતબો, મયૂર નૃત્ય, ભાંગડા, છુકછુકગાડી, જોકર અને બાળકો માટે ભરપૂર મનોરંજન આકર્ષકનું કેન્દ્ર બની રહ્યાં હતાં. વરઘોડો પૂર્ણ થયા બાદ પ્રવચન અને વિદાય તિલક અને નામકરણની ઉછામણી બોલાઈ હતી.



# અધ્યાત્મ પરિવારના નેજા હેઠળ ૪૪ મુમુક્ષોએ દીક્ષા ગ્રહણ કરી




સાંજે વિવિધ વાંજિત્રોના નાદે મુમુક્ષોના અંતિમ વાયણા(ભોજન) તથા વીતરાગ વિરાટ વૈભવની ઝાંખી કરાવતી અજોડ મહાપૂજા તથા વિશિષ્ટ વાધકારો દ્વારા અજાયબી રૂપ કેરાલા બાંબુ પ્રસ્તુતિ થઈ હતી. રાતે વિદાય સમારંભ થયો હતો.

બુધવાર તા.૧૩ માર્ચ દીક્ષા મહામહોત્સવના અંતિમ દિને ૪૪ દીક્ષાર્થીઓએ એકજ મંડપમાં એક સાથે દીક્ષા લઈ એક નવો ઈતિહાસ રચ્યો હતો. આ ઐતિહાસીક પળને જોવા દીક્ષા સ્થળે માનવ મહેરામણ ઉમટયો હતો. સૂરીશાંતિના ચરમ પદ્ધર જૈનાચાર્ય પૂ.જિનચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા સૂરીસંયમના શિષ્યરત્ન જૈનાચાર્ય પૂજ્ય યોગતિલક સૂરીશ્વરજી મ.સા.ની આધ્યત્મ વાણીથી વૈરાગી બનેલા આ ૪૪ મુમુક્ષુઓ સૂરીરામ અને સૂરીશાંતિ સમુદાયના ૧૫ જેટલા આચાર્ય ભગવંતો તથા ૬૫૦ જેટલા સાધુ-સાધ્વીઓનો વહેલી સવારે પાંચ વાગ્યે દીક્ષા મંડપમાં વાજતે ગાજતે પ્રવેશ થયો હતો. દીક્ષાર્થીઓ વસ્ત્ર પરિવર્તન કરી સ્ટેજ પર આવ્યા ત્યારે દીક્ષાર્થીઓ અમર રહો અને જિન શાસનના જયકારથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું. મળસ્કે ૩.૩૦ કલાકે દીક્ષાવિધિ સંપન્ન થઈ હતી.

આ દીક્ષા મહોત્સવના આયોજક અધ્યાત્મ પરિવારના શાસનરત્ન દિનેશભાઈ મોતાના જણાવ્યા મુજબ ઐતિહાસીક દીક્ષાને જોવા સ્મરણક્ષણોને અંકિત કરવા ૭૦ હજાર ધર્મપ્રેમીઓ ઉમટયા હતા. તેમને સમાવવા મંડપો પણ ખોલી નાખવામાં આવ્યા હતા. પાંચ દિવસના મહોત્સવને સફળ બનાવવા ૭૦ જેટલા અન્ય સંઘો અને સંસ્થાના કાર્યકરોએ સેવા આપી હતી.





## શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના સહકારથી સહયોગ ફાઉન્ડેશન દહીંસર દ્વારા કેરિયર ગાઈડન્સ સેમિનાર

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના સહકારથી સહયોગ ફાઉન્ડેશન દહીંસર દ્વારા ધોરણ ૯ થી ૧૨ સુધીના કેડીઓ વિદ્યાર્થીઓ તેમજ સમસ્ત વિદ્યાર્થીઓ માટે કેરીયર ગાઈડન્સ સેમિનાર કારકિર્દી માર્ગદર્શન શિબિરનું આયોજન તા.૭ એપ્રિલ ૨૦૧૯ રવિવાર રોજ સવારના ૯ કલાકે મુક્તિ કમલ હોલ, જૈન દેરાસર પાસે, દહીંસર (પશ્ચિમ) સ્થળે આયોજિત કરાયો છે. એક્ષ્પર્ટ કેરિયર કાઉન્સિલર હીરેન પાસડ સેમિનારમાં માર્ગદર્શન કરશે. વિદ્યાર્થીના મૂંઝવતા પ્રશ્નોનું સમાધાન કરશે.

સેમિનારમાં ભાગ લેવા અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. વધુ વિગત અને રજીસ્ટ્રેશન માટે સંપર્ક શ્રી વિજય ધુલ્લા-૯૮૩૩૮૭૫૯૪૦

## શ્રી ક.દ.ઓ જૈન સર્વોદય મંડળ-મુલુંડ મહિલા વિભાગ

શ્રી ક.દ.ઓ જૈન સર્વોદય મંડળ - મુલુંડ માહિલા વિભાગ દ્વારા ધમાલ, મસ્તી, વિવિધ રમતો સાથે હોલી સ્પેશીયલ પ્રોગ્રામ HOLI DHOOM રંગ બરસે ભીગે ચુનરવાલી રંગ બરસે કાર્યક્રમ શુક્રવાર, તા. ૧૫-૦૩-૨૦૧૯, બપોરનાં ૩.૩૦ વાગ્યાથી કાલિદાસ કેફેટેરિયા ખાતે આયોજન કરેલ છે. ડ્રેસ કોડ : કલરફૂલ ડ્રેસ, બહેનો રંગ જમાવશું મસ્ત મજાનાં ડીનર સાથે નોંધ - પ્રોગ્રામ પાણી તેમજ કલર વગરનો હશે. રજીસ્ટ્રેશન જરૂરી છે. પ્રવેશ ફી રૂ. ૩૫૦ /- ડીનર સાથે. વધુ વિગત માટે સંપર્ક - દીપા નાગડા : ૯૨૨૪૩૪૫૦૦૦, રાની નાગડા : ૯૩૨૪૫૪૪૫૨૪





# શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી દ્વારા સુપરહીટ ગુજરાતી પિક્ચર "ચાલ જીવ લઈએ"નો શૉ યોજાયો




શ્રી કચ્છી દશા ઓસવાલ મંડળ ડોંબિવલી દ્વારા જ્ઞાતિ સભ્યો માટે બીજા વખત સુપર હીટ અને માન વીય સંવેદનાને ઝંકૃત કરતું ગુજરાતી પિકચર 'ચાલ જીવી લઈએ' નો શો તા. ૨૮ ફેબ્રુઆરી ગુરૂવાર ૧૦-૪૫ કલાકે રાત સમયે તિલક ટોકીઝમાં શોનું આયોજન કરાયું હતું. ચલચિત્ર શોની શરૂઆત પહેલાં પુલવામામાં શહીદ થયેલ ભારતના વીર જવાનોની શાંતિ અર્થે બે મિનિટનું મૌન પાળી ત્યારબાદ કેડીઓ ગીતનું સમૂહગાન કરવામાં આવ્યું. ટુંક સમય દરમ્યાન શો બતાવવાની તૈયારીઓ કરાઈ હોવા છતાં શો હાઉસ ફૂલ રહ્યો હતો.

સ્ટોલના રૂા. ૫૦, બાલ્કની રૂા. ૮૦ જ્યારે મહિલા મંગલ મંચના સભ્યો, સિનિયર સિટિઝન તથા પરિપત્ર વિતરણ કરતા સભ્યો માટે માત્ર રૂા. ૧૦ પ્રતિવ્યક્તિ ટિકીટનો દર રાખવામાં આવેલ.

કૌટુંબિક આદર્શ ભાવનાનું પ્રતિબિંબ પાડતુ આ સુપર હીટ પિકચર શો આયોજન માટે હિમંત રમેશભાઈ ધુલ્લા(તેરા) નીતિનકુમાર રાયચંદ સાયલા (સુથરી), રાયચંદ દેવશી જીવાણી (જખૌ), મુકેશ ભવાનજી લોડાયા(સિંધોડી) તથા નવીન વિશનજી મૈશરી (જખૌ) તરફથી સંયુક્ત રીતે શો આયોજનમાં રૂા. ૧૫ હજારની ઘટનું અનુદાન અપાયું તે બદલ મંડળ દ્વારા તેમની અનુમોદન કરવામાં આવી હતી.

ચલચિત્ર આયોજન વ્યવસ્થા માટે તિલક સિનેમાના સંચાલક માલિક-માતુશ્રી પુરબાઈ ખીમજી ભૂલાભાઈ વીરા પરિવાર (દેવપુર-ડોંબિવલી)ના મોરારજીભાઈ, મેઘજીભાઈ તથા મહેન્દ્રભાઈનું સહપરિવાર અભિવાદન કરવામાં આવ્યું. ચલચિત્ર શો માટે રાહત દરે આયોજન કરી આપવા બદલ વીરા પરિવારનો મંડળ આભાર વ્યક્ત કર્યો છે.

સદર પિકચરમાં પરિવાર વડીલ પોતાના વ્યવસાયમાં સતત વ્યસ્ત હોવાથી પોતાના પરિવાર માટે તેમજ પોતાના માટે જીવન જીવવાને જીવનમાં જડમૂળથી બદલાવ લાવવા પુત્ર માટે પિતાનો સુંદર પ્રવાસ દર્શાવાયો છે. જ્ઞાતિજનોએ ઉત્સાહ અને આનંદથી ચલચિત્રને માણ્યું હતુ.

મંડળના સર્વે સભ્યોના ખૂબ જ સાથ મળેલ વિશેષ રૂપે ભાવનાબેન ભરતશ્ર મોમાયા અને ગિરીશ માણેકજી નાગડાનો હતો.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**

# સગપણ સેતુ



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.

આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રગ્નેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.

**Personal Information :**



**Name :**
**Kushal Heerachand Meisheri**

**Date of Birth :** 02/07/1989

**Birth Time :** 04.30 Am

**Birth Place :** Gadag

**Height :** 5 Feet 9 Inches

**Weigh :** 92 Kg's

**Manglik :** No

**Hobby :** Music, Travelling, Cricket

**Qualification :** B.B.M. Complited

**Native Place :** Jhakau (Gujarat)

**Father Name :** Heerachand Meghji Meisheri

**Mother Name :** Pragna Heerachand Meisheri

**Nanana :** Padamsi Manekji Lodaya, Gadag (Kothara)

**Brother's Name :** Darshan Heerachand meisheri

**Occupation :** Self Employed

**Annual Income :** 14 Lakhs

**Email Address :** kshaah2@gmail.com

**Phone No :** 9980514424

**Address :** Flat No 405, 4th Floor, Arihant Arcade, Maverick Global Apartments, Near R R Theater, Vishal Nagar, Bellary.

**Gyatimaiya KDO Mahajan Code No. B-22**

**Personal & Professional**



**NAME : BINAL NARENDRA SHAH (DAND)**

**DATE OF BIRTH :** 08/11/1987

**HEIGHT :** 5FT 0 INCH

**WEIGHT :** 45 KG

**PLACE OF BIRTH :** MUMBAI

**QUALIFICATION :** B.COM

**MEDIUM OF LEARNING :** ENGLISH MEDIUM

**JOB :** SERVICE (ACCOUNTANT)

**HOBBIES :** LISTENING SONGS AND TRAVELLING

**RELIGION :** JAIN (K.D.O)

**NATIVE PLACE :** BHARUDIA (SUARASHTRA)

**MOBILE NO. :** 9892969176

**FAMILY BACKGROUND**

**FATHER :** NARENDRA DHANJI SHAH (DAND).

**MOTHER :** PRITI NARENDRA SHAH (DAND).

**SIBLINGS :** 1 BROTHER

BHAVESH NARENDRA SHAH (UNMARRIED)

**GRAND FATHER :** DHANJI PADAMSHI DAND.

**GRAND MOTHER :** MURBAI DHANJI DAND.

**ADDRESS :** FLAT NO. 1201, A1-WING, 12TH FLOOR, SHREE LAXMI RESIDENCY, N.M.JOSHI MARG, BYCULLA (WEST), MUMBAI – 400027.

**Gyatimaiya KDO Mahajan Code No. G-6**

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# શ્રી ક.દ.ઓ જૈન સર્વોદય મંડળ–મુલુંડ મહિલા વિભાગ દ્વારા મસાલાનું વિતરણ

આખા વર્ષ દરમ્યાન ભરવા લાયક મસાલા, તેજાના, કઠોળ સાથે અનાજ તા. ૨૫, ૨૬, ૨૭ માર્ચ, સોમ, મંગળ, બુધવારે બપોરનાં ૨ થી ૭ સુધી વીરજી જીવરાજ મેપાણી હોલ (દેવપુંજ), મુલુંડ (વેસ્ટ) માં રાખેલ છે.

વધુ વિગત માટે સંપર્ક દીપા નાગડા : ૯૨૨૪૩૪૫૦૦૦, રાની નાગડા : ૯૩૨૪૫૪૪૫૨૫ (થેલી લઈને આવવી).

# નવી મુંબઈમાં પ્રથમવાર છ ગાઉ યાત્રા યોજાશે

તા.૧૯ માર્ચ ૨૦૧૯ મંગળવારના રોજ નવી મુંબઈમાં પ્રથમવાર યોજાનારી ફાગણ સુદ તેરસની છ ગાઉ યાત્રા ભૂમિરાજ હિલ્સ, સેક્ટર ૩૦/૩૧, પ્લોટ નં.૩,૪,૪એ, મંડા મ્હાત્રે બંગલા સામે, અગરોલી ગામ, સી.બી.ડી.બેલાપુર, નવી મુંબઈ મધ્યે યોજાશે. જેમાં ભૂમિ રાજ ભૂપેન્દ્ર કસ્તુરી ચેરિટેબલ ફાઉન્ડેશન ટ્રસ્ટના યજમાને સર્વ ભાગ્યશાળી માટે સવારે ૬ કલાકે નવકારશીની વ્યવસ્થા, સાંજે ૫ થી ૮ કલાકે ભક્તિ ભાવના, ગીત, સંગીત અને મહાઆરતી થશે.

સજાવટ અને લાઈટીંગનું ભવ્ય સુશોભન જોવાનું રખે કોઈ ચૂકે. સર્વ માટે ચોવિહારની વ્યવસ્થા રખાઈ છે. દરેક સંઘ માટે બેલાપુર સ્ટેશનથી બસની સુયોગ્ય વ્યવસ્થા રખાઈ છે. વેલેટ પાર્કીંગની સગવડ યાત્રાળુઓ માટે રખાઈ છે. જેનો લાભ પણ સૌ લઈ શકશે. સૌ એ સફેદ રંગનો ડ્રેસકોડ પરિધાન કરવો. પ્રથમ વારની આ ભાવયાત્રાનો સૌ લાભ લઈ દર્શન પુણ્ય ભાવ મેળવો.






# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● ભુજ અને આસપાસની શાળાનાં ૫૦ હજાર જેટલાં બાળકોને બપોરે ગરમાગરમ સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ ભોજન મળે તેવા આશયથી દેશના ૪૨મા અને ગુજરાતના છઠા અક્ષયપાત્ર કેન્દ્રનો પ્રારંભ થયો. ભુજની પાસે સુખપર બાજુ શિવ પારસની સામેનું આ કેન્દ્રમાં આધુનિક મશીનરી દ્વારા ચાર કલાકમાં સ્વાદિષ્ટ ભોજન તૈયાર કરી તેને લેબોરેટરીમાં પરીક્ષણ બાદ વિવિધ શાળાઓમાં બાળકો સુધી પહોંચાડવવામાં આવશે. આ કેન્દ્ર માટે સર્વ મંગલ ફેમિલી ટ્રસ્ટ તથા બાલક્રિષ્ના ઈન્ડસ્ટ્રિઝ લિમિટેડનો સહયોગ મળ્યો છે.

● અબડાસાના ભાનાડાથી વાડાપધ્ધર થઈ વાકું સુધી જતો આઠ કિ.મી.નો માર્ગ દોઢ દાયકાથી બિસમાર હોતા આ માર્ગનું નવીનીકરણ માંગણી કરાઈ છે.

● સરહદી કચ્છમાં સરકારની સાથે સમાંતર રીતે માધ્યમિક શિક્ષણની જ્યોત જગાવીને અનેક પેઢીનું ઘડતર કરનાર સારસ્વતમ સંચાલિત કોડાયના (તાલુકા માંડવી)ની પ્રેમ સુબોધ નવનીત હાઈસ્કૂલની સુવર્ણજયંતિ નિમિત્તે સારસ્વતમની શૈક્ષણિક સેવાનાં ઓવારણાં લેવાયા હતા. આ પ્રસંગે વિવિધ સ્પર્ધાઓ જેમાં ગાયન સ્પર્ધા, વાર્તાકથન, સોલોડાન્સ, શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા, એક પાત્રીય અભિનય સમૂહનૃત્ય, એકાંકી, ચિત્રકામ, કોમ્પ્યુટર સ્પર્ધા સહિતમાં ૨૫૦ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

● ઉત્તરપ્રદેશમાં મહાતીર્થ પ્રયાગરાજ (અલ્હાબાદ)માં સર્વ સિદ્ધિપદ કુંભ મેળામાં કચ્છી યાત્રીઓ માટે રહેવા ભોજન માટે રવિભાણ આશ્રમ રામજી મંદિર સંસ્થાન દ્વારા વ્યવસ્થા કેમ્પ શરૂ કરાયો હતો. મકર સંક્રાતિના પ્રથમ શાહી સ્નાનથી કાર્યરત કેમ્પ ૧૦ ફેબ્રુઆરી વસંત પંચમીના છેલ્લા સ્નાન સુધી સુવિધા સગવડ આપી હતી. પતિત પાવની મા ગંગામૈયાના તટ પર ૪૦ કિ.મી. વિસ્તારમાં પથરાયેલા અર્ધ કુંભ મેળામાં કચ્છી યાત્રીઓને આ કેમ્પથી સારો લાભ મળ્યો હતો.

● દિલ્હી ખાતે ઈન્ડિયન આર્ટ એન્ડ કલ્ચર સોસાયટી આયોજિત રાષ્ટ્રીય કક્ષાની નૃત્ય સ્પર્ધામાં ગાંધીધામની નૃત્ય સંસ્થાના કલાકારોએ રજૂ કરેલી તમામે પાંચ કૃતિઓ વિજેતા થતા ઈનામો પ્રાપ્ત કર્યા હતા. દેશના વિવિધ રાજ્યોના ૧૫૦ થી વધુ કલાકારોએ ભાગ લીધો હતો. ગાંધીધામના શિવ રંજની ડાન્સ એકેડમીની કલાકારોએ કલાસિકલ, સેમી કલાસિકલ અને ફોક શૈલીમાં પાંચકૃતિઓ રજૂ કરી હતી જે વિજેતા પદ પામી હતી.

● અંજાર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કે.જી માણેક સ્કૂલ તેમજ ઉત્તમ સ્કૂલના વિદ્યાર્થીઓ માટે બે દિવસીય એડવેન્ચર ટ્રેઈનિંગ કોર્સ નેચર એન્ડ એડવેન્ચર કલબ કચ્છ દ્વારા યોજાયો જેમાં ૬૩ ભાઈ બહેનો એ ભાગ લીધો હતો. વિદ્યાર્થી કાળથી જ બાળકો સ્વાવલંબી, નીડર અને સાહસિક બને, કુદરતી આફત સામે કોઈપણ પરિસ્થિતિનો હિંમત પૂર્વક સામનો કરી શકે તે હેતુથી તેમને શાળા બિલ્ડીંગમાં જ વોલ કલાઈમ્બિંગ, રેપલીંગ, ઝીપ લાઈન, રિવર, ક્રોસીંગ, હેન્ગીંગ લેડર જેવી ટેકનિકસ શીખવવામાં આવી . દરરોજ રાત્રે કેમ્પ ફાયર અને નાઈટ ટ્રેકિંગનું શિક્ષણ અપાયું હતું.

● કચ્છ જિલ્લા ગ્રામ વિકાસ સમિતિ ગોધરા દ્વારા ભુજ રાજગોર સમાજવાડી ખાતે મફત આરોગ્ય શિબિર યોજાઈ જેમાં ૧૬૫૫ દર્દીઓનો તપાસી નિઃશુલ્ક દવા અપાઈ હતી. તથા ચશ્માનું વિતરણ કરાયું હતું.

● જયપુરમાં વર્લ્ડ કુમિતે ચેમ્પિયન શીપમાં ત્રીસ દેશોના ૧૪૦૦ વિદ્યાર્થીઓએ પોતાનું કૌવત દર્શાવવા ભાગ લીધો હતો જેમાં ગાંધીધામની ડી.એ.વી. શાળાના આદિત્ય સિંહ અને શ્રેયા સિંહ તૃતીય ક્રમે આવ્યા હતા.

# જીવન ઘટમાળ

## ● જન્મ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૨-૨૦૧૯ | હુબલી | જીયાંશી (ઉર્વશી) અદીશ અનુપ ખેતશી ખોના | નલિયા | કન્યા |

## ● જ્ઞાતિ સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૩-૨૦૧૯ | દહીસર | ધાર્મિક નિરેન ચીંમનલાલ મોતા | રાયધણજર | ૨૭ |
| | ડોંબિવલી | હિરલ ચેતન મુલજી છેડા | નલિયા | ૨૪ |
| ૧૦-૦૩-૨૦૧૯ | હૈદરાબાદ | કરન દિપક લક્ષ્મીચંદ મોતા | વારાપધર | ૨૮ |
| | મહેબૂબનગર | ધારીણી જીતેન્દ્ર લક્ષ્મીચંદ મૈશેરી | બાંઢીયા | ૨૩ |

## ● આંતરજ્ઞાતિ સગપણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૩-૨૦૧૯ | કોલાબા | હર્ષવર્ધન નારાયણ ગોપાલ પાટીલ | દાપોડી | ૩૧ |
| | મુલુંડ | જાનવી રમેશ રામજી ગોસર | બાયઠ | ૩૦ |
| ૧૦-૦૩-૨૦૧૯ | ડોંબિવલી | કિરીટ હસમુખ હીરજી સાવલા | મોટા આસંબિયા | ૩૦ |
| | અમદાવાદ | લિશિતા સુનીલ ગોવિંદજી નાગડા | નલિયા | ૨૬ |
| ૧૨-૦૩-૨૦૧૯ | જમશેદપુર | કેવલ દિનેશ જગજીવન ઝાટકીયા | ઘાટવડ | ૩૧ |
| | મુલુંડ | સલોની તારક હીરાચંદ નાગડા | સાંયરા | ૩૦ |

## ● આંતરજ્ઞાતિ લગ્ન ●

| | | | | |
|---|---|---|---|---|
| ૨૧ ૦૨-૨૦૧૯ | બ્રીચકેન્ડી | યશ વિક્રમ કાંતિલાલ શેઠ | વઢવાણ | ૩૨ |
| | મુલુંડ | નેહલ ભરત દામજી ધરમશી | કોઠારા | ૨૯ |
| ૨૫ ૦૨-૨૦૧૯ | ડોંબિવલી | ઉદય સુરેશકુમાર મહાસુખભાઈ શાહ | પાટણ | ૩૦ |
| | ડોંબિવલી | ડીમ્પલ તનસુખ કલ્યાણજી છેડા | વારાપધર | ૩૨ |

## ● મરણ ●

| | | | | |
|---|---|---|---|---|
| ૧૭-૦૨-૨૦૧૯ | જલગાંવ | સાધના અશોક લાલજી જૈન/પોલડીયા | ગોએરસમા | ૬૭ |
| ૧૮-૦૨-૨૦૧૯ | માંડવી | જવેરબેન જેઠાભાઈ લીલાધર લોડાયા | કોઠારા | ૮૦ |
| ૨૦-૦૨-૨૦૧૯ | પાલીતાણા | દિલીપ કુવરજી કરમશી પુંજા ધરમશી | ભરુડીયા | ૬૨ |
| ૦૫-૦૩-૨૦૧૯ | અમદાવાદ | નારાણજી પદમશી દેવજી રતનશી લોડાયા/રતાની | તેરા | ૭૩ |
| ૧૦-૦૩-૨૦૧૯ | નલિયા | લક્ષ્મીબાઈ વાલજી ખોના | નલિયા | ૮૨ |
| ૧૧-૦૩-૨૦૧૯ | કલવા | હુકમીચંદ ભવાનજી ધરમશી | બાયઠ | ૬૭ |
| ૧૧-૦૩-૨૦૧૯ | ડોંબિવલી (પૂ) | ગિરીશ દામજી મૈશરી | રાપર | ૫૭ |
| ૧૨-૦૩-૨૦૧૯ | કોઈમ્બતુર | નરેન્દ્ર લાલજી લુઠીયા | રાયધજર | ૭૬ |


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિનો | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

|| જયશ્રી ભલારા દાદાય નમઃ ||



# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર



રજીસ્ટ્રેશન નંબર : A ૧૦૩૯

લાલપુર, જિ. જામનગર - ૩૬૧ ૧૭૦. ફોન : ૦૨૮૯૫-૨૭૩૩૪૮

**મુંબઈ ઓફીસ :** યુ.એમ.ખોના એન્ડ કંપની, ૧૦૧૧, યુનિવર્સલ મેજેસ્ટીક, ઘાટકોપર માનખુર્દ લિંક રોડ સામે, ચેંબુર (વે), મુંબઈ - ૮૮. ફોન : (૦૨૨) ૬૧૫૫૯૯૯૯

## આ વર્ષે શ્રી ભલારાદાદાની ૩૧મી સમુહ પહેડી
## ચૈત્ર સુદ ૧ને ગુડીપાડવા શનિવાર તા.૬-૪-૨૦૧૯ના સાંજના ૪ કલાકથી
## કાલીદાસ ઓપન ગ્રાઉન્ડ, પી.કે.રોડ, મુલુંડ (વે), મુંબઈ - ૮૦ ખાતે રાખેલ છે.

**આ વર્ષની પહેડીના લાભાર્થીઓ નીચે પ્રમાણે છે**

- ❖ માતુશ્રી રાજબાઈ લક્ષ્મીચંદ મોતા પરિવાર (લાખણીયા-વડાલા)
- ❖ માતુશ્રી પ્રેમાબાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર (રવા-ચેમ્બુર)
- ❖ માતુશ્રી માલતીબેન જયંત ભવાનજી સોની પરિવાર (સુથરી-જુહુ)
- ❖ માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર હસ્તે નિલેશ (રાપરગઢવારી/ઘાટકોપર)
- ❖ માતુશ્રી નવલબેન મંગલભાઈ ખોના પરિવાર (ધનરાજ કેટરર્સ) (કોઠારા-મુલુંડ)
- ❖ માતુશ્રી રાજબાઈ પદમશી મોતા-હસ્તે જયશ્રી ભરત મોતા પરિવાર (કુવાપધર-હૈદ્રાબાદ)
- ❖ શ્રીમતી પીંકીબેન કમલેશ ધરમશી (જસાપર-ભાંડુપ)
- ❖ માતુશ્રી વિજયાબાઈ કુંવરજી હરસી લોડાયા પરિવાર (રાપરગઢવાળી-ભાંડુપ)
- ❖ માતુશ્રી શાંતાબાઈ પાશુભાઈ લોડાયા પરિવાર (મોટી ખાવડી-મુલુંડ)
- ❖ માતુશ્રી મણીબાઈ વાલજી ગોવિંદજી ખોના (શાહ) પરિવાર (સાંધવ/ઘાટકોપર)
- ❖ શેઠશ્રી ગોવિંદભાઈ દેવજી પટેલ (મકવાણા-મુંબઈ)
- ❖ શેઠશ્રી દેવાંશ સમીર શામજી દંડ (સાંધવ-મુલુંડ)
- ❖ માતુશ્રી માકબાઈ લખમશી મેઘજી ધુલ્લા હસ્તે યોગેશ ધુલ્લા (કોઠારા-મુલુંડ)
- ❖ માતુશ્રી તરૂણાબેન ઝવેરચંદ હરશી લોડાયા હસ્તે મિતેશ (રાપરગઢવાળી-મુલુંડ)

**આ પહેડીનો લાભ લેવા ઈચ્છતા દાતાશ્રી હજુ પણ ફાળો આપી, આ અમુલ્ય લાભ લઈ શકશે.**

**પહેડીમાં હજી ત્રણ ભાગ્યશાળી પરિવારના નામ આવકાર્ય છે.**

**લાલપુર સ્થાનકે થઈ ગયેલ નવા અદ્યતન કોમ્પલેક્ષમાં નિર્માણ કાર્યમાં સહભાગી થનાર લાભાર્થી પરિવારના ટ્રસ્ટ દ્વારા વિવિધ યોજનાના લકી ડ્રો આ પહેડીમાં કાઢવામાં આવશે**

### લાલપુર સ્થાનકે ધ્વજા મહોત્સવ

શ્રી લાલપુર ગામે ચૈત્ર સુદ ૧૩,૧૪ અને પુનમના તા.૧૭,૧૮ અને ૧૯ એપ્રિલ ૨૦૧૯ના યતિશ્રી મોતીસાગરજી મ.સા.ના નિશ્રા હેઠળ ધ્વજા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

**આ મહોત્સવ પ્રસંગે સર્વ ભાવિકોને લાલપુર પધારવા આમંત્રણ**

**આ સમુહ પહેડીમાં અને સહયોગી યોજનામાં સહયોગી દાતા થવા ઈચ્છીનાર પરિવારએ કુલીન લોડાયા-૯૮૨૦૮૬૯૭૦૮ પર સંપર્ક સાધી શકે છે.**

**લિ. ભલારાદાદા ટ્રસ્ટ-લાલપુર વતીથી સર્વે ટ્રસ્ટીઓ**

# NOW SAVE UPTO 99%#
# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*

**(ZERO DEP COVER ALSO AVAILABLE)**



# VALID TILL 31/03/2019

* T&C APPLY

insurancekhoj.com™

**the ultimate stop for insurance ™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# karani

insurancekhoj@gmail.com ◆ 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

KDO

Gyatimaiya
Weekly E-magazine

KDO